સમજણ, સદ્‌ભાવ, સ્નેહની સીમાઓ-સહકારના આદાન-પ્રદાનથી વિસ્તારીએ

હમલોગ

તા. ૬-૫-૨૦૧૨, રવિવાર

મૂર્ખ માણસ કરતાં સમજણું ઢોર રાખવું સારું છે.

સંસદમાં બેસનારા બધા લુંટારા ?

સંસદમાં બેઠેલા બધા ચોર-ગુંડા અને લૂંટારા છે એ મતલબનું ગંભીર નિવેદન કરીને બાબા રામદેવ યોગની ભાષા ભુલતા ચૂંટાયેલા સાંસદો તેમજ રાજકારણીઓમાં ભારે ટીકા પાત્ર બન્યા છે. સંસદમાં હત્યારા, લુંટારા અને અભણ લોકો બેઠેલા છે. ૫૪૩ રોગી હિન્દુસ્તાન ચલાવી રહ્યા છે એવું વિવાદસ્પદ નિવેદન કરનાર યોગગુરુ બાબા રામદેવ સામે દેશભરના બધા જ પક્ષોના સાંસદોએ એક અવાજ રજૂ કરીને રામદેવના આ નિવેદન સામે વાંધો દર્શાવ્યો છે.

કેટલાક સાંસદોએ તો બાબા રામદેવ સામે વિશેષાધિકાર ભંગ હેઠળ કાર્યવાહી કરવાની પણ માંગણી કરી છે. બાબાના આવા ચર્ચાસ્પદ નિવેદને ભારે વિરોધ અને વિવાદ સર્જ્યો છે પરંતુ અન્ના હજારેએ તેમને તેમના નિવેદન બાબતે સમર્થન વ્યકત કર્યું છે અને સાંસદોની સચ્ચાઈ બહાર આવી રહી છે. એવું જણાવ્યું છે.

આમ તો દેશની પ્રજા જાણે જ છે કે, સંસદમાં ચૂંટાઈને જતાં સાંસદો પૈકી ઘણા એવા પણ ચૂંટાઈને દિલ્હી પહોંચી જતા હોય છે જે ખરેખર લોકનજરમાં પ્રજાના પ્રતિનિધિ તરીકે ચૂંટાવાને લાયક હોતા નથી છતાં તેમને ટીકીટ આપનાર રાજકીય પક્ષોની મહેરબાની અને ચૂંટણી સમયે ખેલાતા કાવાદાવા તેમજ સામ-દામ-ભેદ અને દંડની નીતિ રીતિથી આવા માણસો તેમની સામે ગમે તેટલા ગુના નોંધાયા હોય તો પણ દૂધથી ધોયેલા હોય તેમ ચૂંટણીમાં ચૂંટાઈ જતા હોય છે. જો ખરેખર દેશની સંસદમાં શુદ્ધ ચારિત્ર અને નીતિમત્તા-પ્રમાણિકતા, આદર્શો અને મૂલ્યોવાળા જનપ્રતિનિધિઓ મોકલવા હોય તો પહેલી જવાબદારી રાજકીય પક્ષોની બને છે. માત્ર સત્તાનું જ લક્ષ્ય રાખતા બધા રાજકીય પક્ષો આ બાબતમાં એક સરખા છે કારણ કે તેમને તો માથાની કિંમત છે. બહુમતી કેમ કરીને મળે અને સરકાર રચાય. જો રાજકીય પક્ષો સાચા અર્થમાં નૈતિક અને જાહેર મૂલ્યો જાળવવા માંગતા હોય અને તેમનામાં રાષ્ટ્રીયતાને લગતા સાચા ગુણો હોય તો તેમણે એક પણ ગુનેગાર કે ગુનાહિત ઈતિહાસ ધરાવતા વ્યકિતને ભુલથી પણ ટીકીટ અપાઈ ન જાય તેની ચિંતા અને કાળજી રાખવામાં આવે તો સારા માણસો ચૂંટાઈ શકે. એજ રીતે મતદારોની પણ સૌથી મોટી જવાબદારી છે કે, રાજકીય પક્ષો ભલે સત્તા ખાતર ગમે તેવા વ્યકિતઓને ટીકીટ આપી દે ચૂંટણી સમયે મતદાન કરીને તેવા વ્યકિતઓને ફેંકી દેવાની તાકાત મતદારોમાં છે. જેનો ઉપયોગ જાગૃત બનીને ચૂંટણી સમયે થાય તે જરૂરી છે.

બાબા રામદેવે સાંસદોને હત્યારા, લુંટારા અને અભણ કહીને ભલે તેમની જોરદાર ટીકા કરી હોય પરંતુ ખરેખર તો તેમના જેવા ભગવાધારીએ બોલવામાં વિવેક રાખવાની જરૂર છે. આવા ભડકામણા નિવેદનોથી તાળીઓનો આનંદ મેળવી શકાશે પરંતુ દેશની પ્રજા કે જે કિંમતી મતના અધિકારથી સાંસદોને ચૂંટીને મોકલે છે તેમનું સીધું અપમાન આવા નિવેદનોથી થાય છે. બાબાએ દેશને સારા સાંસદો-ધારાસભ્યો મળે તે માટે અલગ લોકચળવળ ચલાવવી જોઈએ, આવી નિવેદન બાજી યોગ્ય નથી.

આજનો દિન મહાન

૬ મે

સંકલન : યશવંત કડીકર

મનોવિશ્લેષણની વર્તમાન પદ્ધતિની આદ્યસ્થાપક સિંગમુડ ફ્રોઈડની જન્મજયંતિ છે. ઓસ્ટ્રિયાના એક યહુદી કુટુંબમાં ૬-૫-૧૮૫૬ ના રોજ એમનો જન્મ થયેલો. મનોવિજ્ઞાનમાં મુક્ત સહચારની પદ્ધતિની ક્રાન્તિકારી વિચારસરણી ફેલાવવાના કારણે એમનું નામ વિશ્વવિખ્યાત બની ગયેલું. તેઓ જ્ઞાનતંતુઓના ડોક્ટર હોવા છતાં દવાઓને બદલે તેમને વૈજ્ઞાનિક સંશોધનોમાં જ વધુ રસ પડતો. તા. ૨૨-૯-૧૯૩૯ ના રોજ એમણે જગથી અલવિદા લીધી.

દરદનો ઈલાજ ઉપચાર તમારા હાથમાં અને માટીનો મહિમા

કબજિયાત

★ ચાર ગ્રામ હરડેને એક ગ્રામ તજ, સો ગ્રામ પાણીમાં ગરમ કરી તે ઉકાળો રાત્રે તથા સવારના પહોરમાં પીવાથી કબજિયાત મટે છે. ★ રોજ સવારે એક ગ્લાસ ઠંડા પાણીમાં અને રાત્રે દૂધમાં બે ચમચી મધ મેળવીને પીવાથી કબજિયાત મટે છે. ★ અજમાના ચૂર્ણમાં સંચોરો (સંચળ) નાખી ફાકવાથી કબજિયાત મટે છે. ★ રાત્રે સૂતી વખતે એકાદ-બે સંતરા ખાવાથી કબજિયાત મટે છે. ★ ત્રણ ગ્રામ મેથીનું ચૂર્ણ સવાર-સાંજ ગોળ અને પાણી સાથે લેવાથી કબજિયાત મટે છે.

આજનું તારીખીયું

ડીમ્પલ ટેલ્સ

તા. ૬-૫-૨૦૧૨ રવિવાર વૈશાખ સુદ-૧૫ વિક્રમ સંવત-૨૦૬૮

ગાજરનો રસ પીવાથી એસિડિટી મટે છે.

સૂ. ઉ. : ૬-૦૫
સ.અ. : ૭-૦૭
ચંદ્રરાશિ : તુલા
મુ. ૧૪ જમા. ખર ૧૪૩૩
મી. ૧૫ જમા. ખર ૧૪૩૩
પા.૨૨ આદર
દ.રો. ૨૯૨

વિંછુડો બે. ૨. ૯-૪૨ કલાકે
વૈશાખ સ્નાનપૂર્ણ
નક્ષત્ર-વિશાખા સમા.
મો. રાત્રે ૨-૫૮ કલાકે

આજનું ભવિષ્ય

મેષ	આર્થિક મધ્યમ
વૃષભ	દ્રવ્ય ખર્ચ થાય
મિથુન	ધનવૈભવ યોગ
કર્ક	આર્થિક તકો
સિંહ	રોકાણથી લાભ
કન્યા	પ્રગતિ થાય
તુલા	નાણાંકીય લાભ
વૃશ્ચિક	કોર્ટ કાર્યોમાં સફળતા
ધન	મુસાફરીમાં અવરોધ
મકર	આર્થિક તકો
કુંભ	વેપારનું આયોજન
મીન	સારી તક મળે

દિવસ	ચલ ૭॥ થી ૯	લાભ ૯ થી ૧૦॥	અમૃત ૧૦॥ થી ૧૨	શુભ ૧॥ થી ૩
રાત્રી	ચલ ૯ થી ૧૦॥	લાભ ૧॥ થી ૩	અમૃત ૭॥ થી ૯	શુભ ૬ થી ૭॥

પાટણના મણુંદના ડૉ. ગોરધન પટેલનું નેનો ટેકનોલોજીમાં અદ્‌ભૂત સંશોધન

મૂળ પાટણ જિલ્લાના મણુંદ ગામના ગોરધનભાઈ છેલ્લા ચાર દાયકાથી સંશોધન ક્રામમાં લાગેલા છે. અમેરિકામાં આવેલી તેની જેપી લેબોરેટરીમાં બેઠા બેઠા સંશોધન કર્યા કરે છે. લેબોરેટરીનું નામ તેમના બે સંતાનો જેસીકા અને પરેશના નામના પહેલા અક્ષરો લઈ જેપી રખાયું છે. પોતાની શોધો વિશે જગતના ૪૦ કરતાં વધુ દેશોમાં તેઓ વ્યાખ્યાનો આપી ચૂકયા છે. નીત નવી શોધોની ૨૫થી વધુ પેટન્ટ તેમની પાસે છે. જોકે શરૂઆતમાં તેણે ઘણો સંઘર્ષ કરવો પડયો. કોઈ કમાનારું ન હોવાને કારણે ડૉક્ટરેટનો અભ્યાસ પણ પડતો મૂકવો પડયો. બ્રિટનમાં ભણ્યા બાદ અમેરિકા પહોંચ્યા અને ત્યાં ૧૯૮૩માં પોતાની લેબોરેટરી શરૂ કરી. તેણે શોધેલું ડોઝીમીટર આજે અમેરિકામાં ધૂમ વપરાય છે. હવે તેઓ વિજ્ઞાન જગતને બીજું મોટું સરપ્રાઈઝ આપવા જઈ રહ્યા છે.

ફ્રીજમાં પડેલી ચોકલેટ ખાવા જેવી છે કે નહીં એ કેમ ખબર પડે ? એકસપાયરી ડેટ જોવાથી. યસ આ જાણીતો ઉપાય છે, પણ વાંચતાં ન આવડતું હોય તો ? એ વખતે ચોકલેટ પર કોઈ એવું લેબલ હોવું જોઈએ જે જોતાં જ ખબર પડી જાય કે ચોકલેટ ખાવા જેવી નથી. એકસપાયરી થવાના સમયે આપોઆપ કલર બદલી લેતાં અથવા તો બીજી કોઈ પણ રીતે માત્ર જોઈને ખબર પડી જાય કે ચોકલેટ અખાદ્ય છે, તેની જાણકારી મળી જાય એવા લેબલની શોધ ડૉ. ગોરધન પટેલે કરી છે. આ શોધ શકય બની નેનોના વિભાજનથી. એ ટેક્નોલોજીના સાયન્સમાં પડવા જેવું નથી, પણ એ કઈ રીતે કામ કરે છે એ ઉદાહરણ સાથે સરળતાથી સમજી લઈએ. સંશોધન શું છે?

વેફરનું પડીકું અંદરથી જોયું હોય તો અંદર ચમકદાર પ્લાસ્ટિક હોય છે. આ પ્લાસ્ટિક હકીકતમાં એલ્યુમિનિયમનું પડ છે. એ પડની જાડાઈ નેનો મીટરમાં માપી શકાય તેટલી હોય છે. એ પડમાં વપરાયેલા પદાર્થનું સ્ટીકર બને. એ સ્ટીકર જે-તે પ્રોડકટ પર લગાડેલું હોય. તેની રચના જ એવી હોય કે તે જે-તે પદાર્થનું આયુષ્ય પૂરું થઈ ગયું છે એવું બતાવે. એટલે કે કોઈ ચીજ પંદર દિવસ સારી રહેવાની હોય તો એ ચીજ પર લાગેલું સ્ટીકર ૧૬મા દિવસે પોતાનો કલર બદલી નાખે. એટલે અંગ્રેજી વાંચી ન શકતી વ્યકિતને ખબર પડી જાય કે આ ચીજ આપણા કામની નથી, ફેંકી દો. આજે આરોગ્ય સૂચવતું આ સ્ટિકર વિશ્વના વિવિધ દેશોમાં વેચાવા લાગ્યું છે. ચીન, જાપાન, રશિયા વગેરે દેશોમાં આ સ્ટીકરનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. કારણ કે કેટલીક ચીજો ઉત્પાદન પછી અમુક સમયમાં



વાપરી નાંખવી પડે, બગડેલો માલ અજાણતાંય બીજાને વેચે ને સામેની વ્યકિતને નુકસાન થાય ને દાવો કરે તો ભારે પડી જાય. એ રીતે કોઈ અતિસુરક્ષાવાળા કાર્યક્રમમાં કે સ્થળે પ્રવેશવા માટે ૨૪ કલાકનો પાસ અપાતો હોય છે. એ પછી એ પાસ નકામો. તો અહીં પાસ જ એવો બનાવાય કે ૨૪ કલાક પછી પાસમાં રહેલી વ્યકિતના ચહેરા પર ચોકડી લાગી જાય. એ રીતે પાસ ઉપર લખેલું હોય તે 'વેલિડ', તો ચોવીસ કલાક બાદ વેલિડની આગળ 'અન' શબ્દ લાગી જાય. એ શબ્દ કોઈ ચમત્કારથી નથી આવતો. પણ જે સ્ટીકર લગાડેલું હોય તેના આગળના ભાગમાં વેલિડ લખેલું હોય જ્યારે પાછળના ભાગમાં અન લખેલું હોય. ૨૪ કલાક સુધી વેલિડ વંચાય અને એ પછી અન પણ વંચાવા લાગે. સ્ટીકરની રચના જ એ પ્રકારની હોય છે.

દિલ્હીમાં કોમનવેલ્થ ગેમ્સ યોજાઈ રહી છે. જો બધું સમુસૂતરું પાર પડશે તો એ ગેમ્સમાં આ પ્રકારના જે આઈ-કાર્ડ વપરાશે. આ બધા નેનો ડિસ્ટ્રીકશનના ઉદાહરણો થયા. ગોરધનભાઈ કહે છે, 'અત્યાર સુધી કોઈ સંશોધકોએ નેનો ડિસ્ટ્રીકશન પર ધ્યાન આપ્યું જ નથી. ખરેખર તો આ વિજ્ઞાનનું એક બહુ મોટું ક્ષેત્ર છે. આગામી વર્ષોમાં તેની બોલબાલા વધવાની છે.'

અત્યારે એ બધી શોધોનું નિદર્શન કરવા ભારત સરકાર વતી 'ડિઝાસ્ટર મેનેજમેન્ટ એથોરિટી ઓફ ઈન્ડિયા'એ ડૉ. પટેલને દિલ્હી તેડાવ્યા છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ)ને ગોરધન પટેલની બીજી શોધમાં રસ પડયો છે. એ શોધ એટલે રેડિયો એક્ટિવ વિકિરણો ઓળખી આપતાં ડોઝોમિટર. ધારો કે પાકિસ્તાન દેશમાં કોઈ સ્થળે કે સરહદે રેડિયો એક્ટિવ કિરણો ફેલાવે તો ખબર કેમ પડે ? એ માટે ખિસ્સામાં રાખવું પડે ડોઝોમિટર. રંગબેરંગી કલરની પટ્ટી ધરાવતું એ કાર્ડ જેમ જેમ વિકિરણોની માત્રા વધતી જાય તેમ તેમ કલર બદલતું જાય. અમેરિકા સરકારને આ શોધમાં બહુ રસ પડયો છે, કેમ કે અમેરિકાને આ પ્રકારના બાયોલોજિકલ કે કેમિકલ કે વિકિરણના હુમલાનો બહુ ખતરો છે. હવે એ ખતરો આપણને પણ એટલો જ લાગુ પડે છે. આજે તો અમેરિકા સિવાય વિશ્વના બીજા દેશો જેવા કે ચીન, જાપાન, રશિયા ડૉ. પટેલના ડોઝોમિટરનો ઉપયોગ કરવા લાગ્યા છે.

ગૌરવ લેવાની તક ?

ભારતીય સેનાને મેડિકલ સામગ્રી પૂરી પાડતી એક કંપનીના માલિક શાનિલ જૈનને પહેલી વખત ખબર પડી કે ડૉ. પટેલની શોધ સેના માટે બહુ ઉપયોગી છે. તેમણે તુરંત સેનાને જાણ કરી અને જનરલ ભારદ્વાજે તુરંત ગોરધન પટેલને ભારત બોલાવવા કહ્યું. દિલ્હીથી વાત કરતાં શાનિલ જૈન કહે છે, 'આગામી દિવસો નેનો ટેક્નોલોજીના છે, ત્યારે ગોરધન પટેલની આ શોધ ક્રાંતિકારી સાબિત થશે. થોડાં વર્ષો પછી તેમની શોધ નોબેલ પ્રાઈઝ માટે નોમિનેટ થાય તો નવાઈ નહીં.' તમે આ વાંચતા હશો ત્યાં સુધીમાં ફેડરેશન ઓફ ઈન્ડિયન કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (ફિક્કી) સાથે મુલાકાત થઈ ચૂકી હશે. તેઓ ઈચ્છે છે કે તેમની તમામ પ્રોડકટ ભારતમાં બને. એ માટે તેઓ ફિક્કી સાથે વાટાઘાટો કરી રહ્યા છે. પણ જો કોઈ ગુજરાતી ઉદ્યોગપતિ રસ લે તો એ ગૌરવ ગુજરાતને પણ મળી શકે તેમ છે. આટલા ઉચ્ચ સ્થાને પહોંચેલા ગોરધનભાઈ પટેલનું બાળપણ પ્રેરણાદાયક છે. એક સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મી, જાતમહેનતે ઉચ્ચતમ સિધ્ધિઓ સર કરી સમગ્ર પાટીદાર સમાજનું ગૌરવ વધાર્યું છે. આ પનોતા પુત્રનો જન્મ મણુંદ તા. પાટણમાં થયો હતો. તેઓના પિતાનું નામ શ્રી નાથાભાઈ જેઠાભાઈ પટેલ અને માતાનું નામ ધનીબહેન. પિતા છઠ્ઠા ધોરણ સુધી ભણેલાને સંસ્કારી ખેડૂત હતા. ધાર્મિક સાહિત્ય અને છાપા વાંચવાના શોખીન હતા. માતા ધનીબહેન અભણ છતાં ખૂબ પ્રેમાળ, પરગજુ રાત-દિવસ મહેનત કરે. પોતાનાં બાળકોને ભણાવવામાં ખૂબ રસ. શ્રી ગોરધનભાઈ ઉપર બાની મોટી અસર છે. બા હંમેશાં કહેતાં, 'બેટા ! ભણજે એમ.એસસી. થયા ત્યારે પણ આ આશીર્વાદ આપેલા કે બેટા, હજુ પણ ભણ ને ગોરધનભાઈ આજે પણ કહે છે કે હું હજુ ભણ્યા જ કરું છું તેનું કારણ મારી અભણ બા છે.'

આજથી ૫૦ વર્ષ પહેલાં હાઈસ્કૂલ કક્ષા સુધી પહોંચેલા ઉત્તર ગુજરાતના પાટીદાર યુવકોએ જબરદસ્ત સંઘર્ષ કરેલો છે. સામાજિક રૂઢિઓ, પરંપરાઓ ચીલાચાલુ કુરિવાજોમાંથી બહાર નીકળવું અત્યંત અઘરું હતું. છતાં જાતમહેનત કરી, જીવન ઘડવામાં ઉત્તર ગુજરાતના પાટીદારોના પુત્રો પાછળ પડયાં નથી. આવી જ દશા શ્રી ગોરધનભાઈની હતી. ચાર ભાઈઓ, ત્રણ કાકા અને એક ફોઈનું સંયુકત કુટુંબ હતું. પિતા છઠ્ઠું ધોરણ પાસ થઈને શિક્ષક થયા હતા. ને ત્યાર પછી નાના-મોટા કોન્ટ્રાકટરનાં કામો પણ કરતા હતા. સંયુકત પરિવારની ૪૦થી ૫૦ વીઘા જમીન હતી. ગોરધનભાઈ ધોરણ-સાતમામાં હતા ત્યારે દાદા જેઠાભાઈ મૃત્યુ પામ્યા ને તેઓને બાળવા માટે સિધ્ધપુર લઈ ગયેલા. લગ્ન અને મરણના ખર્ચાઓમાં જમીન ગિરવે મૂકતા મૂકતાં ૧૦ વીઘા બાકી રહી હતી. ગોરધનભાઈના પિતા ઉદાર, સેવાભાવી હતા. જેથી મિલકતની વહેંચણીમાં કાકાને મોટું ઘર આપી દીધું. ને એક નાનું ઘર ઝૂંપડા જેવું હતું તેમાં રહેતા હતા. એક માળનું નળિયાંવાળું ઘર આમાં રહીને ગોરધનભાઈ ભણતા હતા. આટલા મોટાં વૈજ્ઞાનિક સંશોધનના

શોધ-સંશોધન

- ડૉ. મફતલાલ પટેલ

અમેરિકાના ન્યૂજર્સીમાં રહેતા વૈજ્ઞાનિકની સંશોધન યાત્રા

જીવનમાં ડોકિયું કરશો તો ઘણી બાબતો આપણને નવાઈ પમાડે તેવી લાગશે. ધોરણ-૬માં ભણતા હતા ત્યારે લગ્ન થયું હતું. તેઓનાં બન્ને બાળકો પુત્રી જેસ્સિકા અને પુત્ર પરેશ અત્યંત પ્રતિભાશાળી બાળકો છે, જે આજે ગોરધનભાઈનાં તમામ કાર્યોમાં સાથે છે. ને જેપી લેબોરેટરીનું સંચાલન કરે છે. મણુંદ હાઈસ્કૂલમાં ધો-૧૦ સુધીનો અભ્યાસ કરીને વધુ અભ્યાસ માટે તેઓ વલ્લભ વિદ્યાનગર

આણંદ ગયા ને એસ.એસ.સી. પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરીને ૧૯૬૪માં ફિઝિક્સ કેમેસ્ટ્રિ સાથે બી.એસસી. થયા. ૧૯૬૬માં એમ.એસસી. થયા અને પછી પીએચ.ડી. થવા લાગી ગયા. ૧૯૭૦માં 'ક્રિસ્ટલાઈઝેશન ઓફ પોલિમર્સ' એ વિષય પર શોધનિબંધ લખીને પીએચ.ડી.ની પદવી મેળવી. રસાયણશાસ્ત્ર મુખ્ય વિષયમાંથી ગતિ કરીને ભૌતિકશાસ્ત્રમાં ડૉકટરેટની પદવી પામ્યા. બ્રિસ્ટલની યુનિવર્સિટીમાં પોસ્ટ ડૉકટરેટ ટ્રેનિંગમાં ફેલોશિપ મળી. અહીં તેમણે ડૉ. કોલર સાથે મળીને પ્લાસ્ટિક પર થતી કેમિકલ્સ અને રેડિએશનની અસરો વિશે સંશોધન કર્યા. તે ઉપર પંદર જેટલા કેમિકલ્સ નિબંધો લખ્યા. ૧૯૭૩માં તેમણે ઈંગ્લેન્ડ છોડયું. અમેરિકાના ટેક્સાસ રાજ્યના વૂકોમાં આવેલી લેબર યુનિવર્સિટીમાં સંશોધન મદદનીશ તરીકે જોડાયા. પછીથી ન્યૂજર્સી રાજ્યના મોરીસટાઈન નગરમાં એલાઈડ કંપનીમાં સંશોધન મદદનીશ તરીકે જોડાયા. એલાઈડમાં એમને સંશોધન માટે મોકળું મેદાન મળ્યું. અહીં ૧૯૭૪થી ૧૯૮૩ સુધી રહીને તેમણે ૪૩ જેટલાસંશોધન નિબંધો

> **ગોરધનભાઈ કહે છે, 'અત્યાર સુધી કોઈ સંશોધકોએ નેનો ડિસ્ટ્રીકશન પર ધ્યાન આપ્યું જ નથી. ખરેખર તો આ વિજ્ઞાનનું એક બહુ મોટું ક્ષેત્ર છે. આગામી વર્ષોમાં તેની બોલબાલા વધવાની છે.'**

લખ્યા. એલાઈડ કંપનીનો વાર્ષિક ધંધો દસ અબજ ડૉલરનો હતો. આ કંપનીને સંશોધનમાં મોટી રકમ ખર્ચવાનું પરવડે એમ હતું. સતત પરિશ્રમ અને ચીવટભેર તેમણે કરેલી શોધોથી એલાઈડ કંપનીને ૨૫ જેટલી પેટન્ટ મળી. કંપનીના ખર્ચે કે પછી આમંત્રણ આપનારના ખર્ચે તેઓ પોલિમર, પ્લાસ્ટિક, પદાર્થ પર સમય અને ઉષ્ણતામાનની અસર વગેરે વિષયોમાં ચુંવાળીસ જેટલાં પ્રવચનો આપવા દેશ પરદેશ ગયા. અનેક આંતરરાષ્ટ્રીય પરિષદોના યોજકોએ તેમને સામે ચાલીને સંશોધન નિબંધો રજૂ કરવા આમંત્રણ આપ્યાં. ગોરધનભાઈનું સંશોધનકાર્ય કેમિકલ એજ્યુકેશનના જર્નલમાં છપાતું રહે છે. એમની શોધોએ વૈજ્ઞાનિકો અને વિદ્વાનોમાં સ્થાન અપાવ્યું છે. ૧૯૭૦માં બ્રિસ્ટલ યુનિવર્સિટી ઈંગ્લેન્ડથી ભણવાનું આમંત્રણ આવ્યું ત્યાં ગયા ને ૧૯૭૦થી ૧૯૭૫ સુધી ઈંગ્લેન્ડ રહ્યા ને ૧૯૮૩માં એલાઈડ કંપનીમાંથી તેઓ છૂટા થયા. તેઓ હતા સંશોધનો જીવ. એલાઈડ કંપની જેવી સંશોધન સુવિધાઓ બીજે મળે તેમ ન લાગ્યું. તેઓને પૈસા કરતાં શોધોમાં અને માનવજાતિના કલ્યાણમાં વધુ રસ હતો. તેજસ્વી એવા ગોરધનભાઈ ભણતા ત્યારે વિચારે ચઢતા, શું બીજાનું લખેલું મારે ભણવાનું ? મારું લખેલું બીજાને ભણવું પડે એવું ક્યારે થશે ? આ લગનીએ જ એમને બીજાનેય ભણવું પડે એવી શોધો કરાવી.

ગોરધનભાઈએ કૃત્રિમ લોહીના સંશોધનમાં ઝંપલાવ્યું ને લગાતાર પંદર વર્ષ સુધી કૃત્રિમ લોહી બનાવવામાં સંશોધન કાર્યને આજે કરી રહ્યા છે. હજુ સંપૂર્ણ સફળતા મળી નથી. કૃત્રિમ રક્ત શોધવાના ક્ષેત્રે ડૉ. પટેલ ઘણા બધા આગળ વધી ગયા છે. એમની આ એક શોધ જ મેડિકલ સાયન્સના એન્સાઈક્લોપીડિયામાં સ્થાન અપાવવાને પૂરતી છે.

ત્વરિત એકસરે ફિલ્મની શોધ :

ડૉ. ગોરધનભાઈ પટેલની બીજી એવી જ શોધને ત્વરિત એકસરે ફિલ્મની શોધને અમેરિકન સરકારે મે ૧૯૯૫માં પેટન્ટ આપી છે. આ શોધ છે ત્વરિત એકસરે ફિલ્મની ફિલ્મની કોરી કરવા પાણીમાં બોળવાની જરૂર નથી. ફિલ્મમાં ચાંદી વપરાતી નથી એટલે મોંઘી નથી. એકસરે લેતી વખતે લેનાર અને લેવડાવનાર પર રેડિએશનની અસર થતી હોય છે તે અહીં થતી નથી. યુધ્ધ વખતે લશ્કરને આ ખૂબ જ ઉપયોગી નીવડે. એકસ રે સસ્તો, ઝડપી અને નુકસાનરહિત બનતા માણસ માટે આશીર્વાદરૂપ બનશે. દર્દીને દવાખાનામાં કે એકસરે સેન્ટર પર લઈ ગયા વિના તરત ગમે તે સ્થળે એકસરે લઈ શકાય તેવું થતાં દર્દી જોખમથી બચી શકશે. આમાં નેશનલ કેન્સર ઈન્સ્ટિટ્યૂટ સાડા પાંચ લાખ ડૉલર અને અમેરિકન નેવીએ પોણા આઠ લાખ ડૉલર આપ્યા છે.

પ્લાસ્ટિક પર પ્લેટિંગની શોધ :

ડૉ. ગોરધનભાઈની ચોથી શોધ છે. પ્લાસ્ટિક ઉપર ધાતુનો ઢોળ ચઢાવવાની. પ્લાસ્ટિક પર ધાતુનો ઢોળ ચઢાવવાનું કે પ્લેટિંગ કરવાની શોધની પેટન્ટ કન્કિટકટ રાજ્યના ન્યૂહેવનમાં આવેલી એન્થોન નામની કંપનીને વાપરવા આપી છે. લંડનમાં અક્ષરપુરુષોત્તમના સ્વામિનારાયણ મંદિરમાં ભગવાનના કાષ્ઠ સિંહાસનને સુવર્ણજડિત કાર્ય ડૉ. પટેલની શોધે કરી બતાવ્યું છે.

બાથરૂમનાં નળ, શાવરનાં સાધનો, ઘરના ઘોડા, નાની ચીજો બનાવીને તેના પર ઈચ્છો તે ધાતુનો ઢોળ આપીને ટકાઉ અને આકર્ષક બનાવવામાં તેમની શોધ મહત્ત્વનો ભાગ ભજવશે. પ્લાસ્ટિકના પ્લેટિંગમાં અગાઉ વાતાવરણને દૂષિત કરતાં, નુકસાનકારક પદાર્થો વપરાતા પણ ડૉ. પટેલની શોધથી બિનઝેરી પદાર્થો વાપરીને પ્લેટિંગ કરાય છે. એ પ્લેટિંગ સસ્તું પડે છે અને સમાજને હાનિકારક બનતું નથી.

માનવીને માટે કલ્યાણકારી અને ઉપયોગી શોધો એમણે કરી છે. માનવીનું જીવન અને આરોગ્ય સુધરે, આરોગ્યની શોધોનો પાયો માનવીને સુખી બનાવવાની સંજીવની છે. આ સંજીવનીની સતત ઝંખનાએ એમને કલ્યાણપંથના યાત્રી બનાવ્યા છે. ડૉ. ગોરધનભાઈમાં સંશોધન-ક્ષમતા છે. એમની સાથે કામ કરનારા સૌ પ્રત્યે એ પ્રેમથી વર્તે છે. માર્ગદર્શન આપે છે અને એમની સાથે કામ કરતાં પુત્રી જેસિકામાં એમના સંગના રંગે સંશોધનવૃત્તિ અને વલણ વિકસ્યાં. તેઓ પ્લાસ્ટિકની ફિલ્મ પર રંગપટ ચઢાવવાનું કામ સુંદર રીતે કરે છે. માઈક્રોવેવ ઈન્ડિકેટરમાં તેઓ ડૉ. ગોરધનભાઈનાં સહશોધ છે. તેમના ગ્રંથાલયમાં એક લાખ ડૉલર કરતાં વધારે કિંમતના વૈજ્ઞાનિક સંશોધનને ઉપયોગી અને કેટલાંક અપ્રાપ્ય પુસ્તકો છે. દર વર્ષે બારથી પંદર હજાર ડૉલરની રકમ તેઓ સામયિકોના લવાજમ પાછળ ખર્ચે છે. દર મહિને ૧૦૦૦ જેટલાં મેગેઝિનો ઈશ્યૂ થાય છે. દુનિયાના વિવિધ દેશોમાંથી ૮૦ જેટલા જર્નલ મંગાવે છે. લાઈબ્રેરી તેઓનું હૃદય છે. ગોરધનભાઈ સીધા-સાદા માણસ છે. સંશોધન માટે વાંચવું અને વિચારવું એ જ તેમનો વ્યવસાય. નાનપણમાં ગરીબીમાં ઊછરેલા તેમને કંઈ મોજશોખ વળગ્યા નથી. વાંચવામાંથી સંશોધનનું વળગણ વળગ્યું. જીવનના અઢી દસકાથી એ સંશોધનમાં ખોવાયેલા રહ્યા છે. આ ગુણ વારસામાં પુત્રને મળ્યો છે. પુત્ર પરેશ કોમ્પ્યુટર પ્રોગ્રામર અને ધંધાદારી મગજ ધરાવનાર છે. પુત્રી જેસિકા પણ ખૂબ તેજસ્વી છે. બન્ને જેપીનું સંચાલન કરે છે. અને પુત્રવધૂ હેતલ ગોરધનભાઈની તમામ કાળજી રાખી રહી છે.

સતત પરિશ્રમ અને સંશોધનમગ્ન ગોરધનભાઈ ભલા અને તેમનું કામ ભલું. મોટી બડાશોથી એ અળગા રહે છે. વતન અને ગુજરાત તરફ એમને ગજબની મમતા છે. વિના માગે વિના બોલે એ પડદા પાછળ રહીને વતન માટે આર્થિક મદદ કે માર્ગદર્શન જરૂર આપે છે.

ગોરધનભાઈ કહે છે, 'કોઈ એકનો જીવ બચાવનારનેય જિંદગી સુધી એ સત્કાર્યની સ્મૃતિ વાગોળીને પરિતોષ થતો હોય છે, તો હજારોમાનવજીવોને બચાવવાનું હું નિમિત્ત બનીશ.' આ કૃત્રિમ લોહી પાળેલાં ઉપયોગી પશુઓનું જીવન બચાવશે.

ગોરધનભાઈ વૈજ્ઞાનિકની સાથે સાથે એક સાચા સમાજસેવક છે. કોઈ પણ વ્યકિત એમને મળવા જાય તો જેટલા ઉપયોગી થવાય તેટલા તેઓ ઉપયોગી બને છે. અમેરિકામાં માત્ર ડૉલરિયું જીવન જીવનારાઓ માટે ગોરધનભાઈ પ્રેરણાસ્રોત છે. ઉત્તર ગુજરાતના એક સામાન્ય ખેડૂત કુટુંબમાંથી અમેરિકામાં ઉચ્ચ સ્થાને પહોંચીને જે સિધ્ધિઓ સર કરી છે. તે ભારતના તમામ યુવાનો માટે જીવંત દ્રષ્ટાંત છે. તેઓ ખૂબ આગળ આવે તેવી શુભેચ્છાઓ છે.

૩૫, સ્વામીગુણાતીતનગર સોસાયટી, મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨.

એનસીટીસી કેન્દ્ર વિરુધ્ધ રાજ્યનો મુદ્દો નહી : વડાપ્રધાન

(એ.જી.એન.એસ.)નવી દિલ્હી,તા.૫

વડાપ્રધાન મનમોહન સિંહે પ્રસ્તાવિત રાષ્ટ્રીય આતંકવાદ નિરોધક કેન્દ્ર (એનસીટીસી)નો બચાવ કરતાં શનિવારના રોજ જણાવ્યું હતું કે આતંકવાદ વિરોધી આ કેન્દ્ર રાજ્યોની આતંકવાદ વિરોધક ક્ષમતાઓમાં વધારો કરશે તેમને નબળા બનાવશે નહીં. મનમોહને વિવાદાસ્પદ એનસીટીસી અંગેની મુખ્યમંત્રીઓની બેઠકમાં જણાવ્યું કે, રાજ્યો અને કેન્દ્ર સરકાર વચ્ચે અધિકારીઓના વિતરણને અસર પહોંચાડવાનો સરકારનો કોઈ ઈરાદો નથી.

સિંહે જણાવ્યું કે એનસીટીસી સ્થાપનાનું મકસદ સમગ્ર દેશમાં આતંકવાદ વિરોધી પ્રયાસોનું સંયોજન છે. એનસીટીસી રાજ્યોની વિરોધક ક્ષમતાઓમાં વધારો કરશે, તેને નબળા પાડશે નહીં.

મનમોહને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિત દરેક મુખ્યમંત્રીઓની આશંકાઓને દૂર કરવાનો પ્રયત્ન કરતાં જણાવ્યું કે, તે રાજ્ય વિરૂધ્ધ કેન્દ્રનો મુદ્દો નથી.

એનસીટીસી પર મુખ્યમંત્રીઓની મહત્વની બેઠકને સંબોધિત કરતા પ્રધાનમંત્રી મનમોહનસિંહે કહ્યું કે આતંકવાદ વિરુધ્ધ જંગ કેન્દ્ર સરકારની જવાબદારી છે. તેઓએ રાજ્યોને અપીલ કરી છે કે આ કામમાં રાજ્ય સરકારનો સહયોગ અત્યંત જરૂરી છે.

તેઓએ કહ્યું કે અમારો હેતુ રાજ્યોના અધિકારોમાં દખલ કરવાનો નથી. તેઓએ સ્પષ્ટ કહ્યું હતું કે આતંકવાદ જેવા પડકારોથી કેન્દ્ર અને રાજ્ય એકલા હાથે લડત નહીં આપી શકે. તેથી એ જરૂરી છે કે એનસીટીસી પર સામાન્ય સહમતી જરૂરી છે.

મનમહોન સિંહે કહ્યું કે એનસીટીસી દેશભરમાં આતંકવાદ વિરોધી ઉપાયોનું સંયોજન કરશે. એનસીટીસી પ્રદેશોના આતંકવાદ વિરોધી ક્ષમતાઓમાં ઘટાડો કરશે. તેઓએ કહ્યું કે એનસીટીસીને કાર્યશીલ થવા માટે જરૂરી છે કે તેના અધિકારો અને કાર્યક્ષેત્ર માટે વ્યાપક સહમતિ તૈયાર કરવામાં આવે.



એનસીટીસીની બેઠકમાં મોદી-નીતિશ કુમારે મિલાવ્યા હાથ, કરી વાતો

એનસીટીસી અંગે શનિવારે દેશભરમાં મુખ્યપ્રધાનોની દિલ્હી ખાતે યોજાયેલી બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હાજર રહ્યાં હતા. જ્યાં બિહારના મુખ્યમંત્રી નિતિશ કુમાર પણ હાજર હતા. જો કે મિડિયા રિપોર્ટોમાં ભૂતકાળમાં આ બંન્ને નેતાઓ વચ્ચે અણબનાવ હોવાના અહેવાલો પ્રકાશિત થતા રહ્યાં હતાં. પરંતુ તેઓ બેઠકમાં એકબીજાને ખુબ જ ખુશી વ્યક્ત કરતાં મળ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર નરેન્દ્ર મોદી અને નિતિશ કુમારે હાથ મિલાવ્યો અને ઘણી મિનિટો સુધી એકબીજા સાથે વાતચીત કરી હતી. આ બેઠકમાં વડાપ્રધાન મનમોહન સિંહ તથા કેન્દ્રીય ગૃહપ્રધાન પી.ચિદમ્બરમ પણ હાજર રહ્યાં હતા. ઉલ્લેખનીય છે કે રાજ્યોનો હજી પણ એનસીટીસીને ધરપકડ, તપાસ અને જપ્ત કરવાનો અધિકાર આપવાની જોગવાઈ સામે વિરોધ છે.

આ પહેલા ગૃહમંત્રીએ પણ કહ્યું કે એનસીટી આતંકવાદ સામે લડવા અત્યંત જરૂરી છે. તેઓએ કહ્યું કે મુંબઈ હુમલા બાદ સુરક્ષા એક મહત્વપૂર્ણ મુદ્દો બન્યો છે, જેની સામે લડવા માટે આપણે એનસીટીસી જેવા સંગઠનની જરૂર છે.

ઉલ્લેખનીય છે કે લગભગ તમામ બિન કોંગ્રેસી મુખ્યમંત્રીઓએ એનસીટીસીનો વિરોધ કર્યો છે. જેમાં યુપીએના સહયોગી સમાજવાદી પાર્ટી અને તૃણમૂલ કોંગ્રેસ પણ છે. ઉત્તર પ્રદેશ મુખ્યમંત્રી અખિલેશ યાદવે બેઠક દરમિયાન કહ્યું કે એનસીટીસી સંઘીય ઢાંચા પર પ્રહાર છે. આ પ્રકારે મમતા બેનરજી સહિત તામિલનાડુની મુખ્યમંત્રી જયલલિતાએ પણ તેનો વિરોધ કર્યો છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર, ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, છત્તીસગઢના મુખ્યમંત્રી રમણ સિંહ, પંજાબના મુખ્યમંત્રી પ્રકાશ સિંહ બાદલ અને છત્તીસગઢના મુખ્યમંત્રી નવીન પટનાયક પણ તેની વિરુધ્ધ છે.

પ્રસ્તાવિત એનસીટીસીને લઈને રાજ્યોના મુખ્યમંત્રીઓના આ સંમેલનમાં ચિદમ્બરમે જણાવ્યું કે આતંકવાદી દેશો કે રાજ્યોની સીમાઓને તેઓ માનતા નથી અને આતંકવાદી ખતરો હવે ભૌગોલિક સીમાઓ ઓળંગીને નવા આયામ બનાવી રહ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું કે, આપણે સાથે મળીને, રાજ્ય સરકારનો અને કેન્દ્ર સરકારે એકઠા થઈને કામ કરવું રહેશે. વિપક્ષ અને સત્તાપક્ષે એકત્ર થઈને કામ કરવું રહેશે. મને વિશ્વાસ છે કે આપણે દેશને સુરક્ષિત બનાવી શકીએ છીએ.

ગૃહમંત્રીએ વધુમાં જણાવ્યું કે એનસીટીસી સુરક્ષાના નવિન સ્વરૂપનો મહત્વપૂર્ણ સ્તંભ બનશે. સંવિધાન અનુસાર આતંકવાદ વિરુધ્ધની હરિફાઈ કેન્દ્ર અને રાજ્ય સરકારોની સહિયારી જવાબદારી છે.

ગૃહમંત્રીએ વધુમાં જણાવ્યું કે દેશની ૭૫૧૬ કિલોમીટર જેટલી તટીય સીમા છે. અફઘાનિસ્તાન, પાકિસ્તાન, નેપાળ, ભૂતાન,ચીન, બાંગ્લાદેશ અને મ્યાનમારને જ્યારે ખતરો હવાઈ, સમુદ્ર અને અંતરિક્ષ માર્ગે હોય.

(પાન ૩ નું ચાલુ) **ગુજરાતમાં ૧૫૦ વર્ષ જુની કોંગ્રેસને**

જાગીરદાર, ગરાસદાર, ઠાકોર અને ક્ષત્રિઓને અસ્મિતા માટે એકત્રિત થવા થવા આહ્વાન કરવામાં આવ્યા છે. આમ જ્યારે ચૂંટણીઓ સમય નજીક આવે ત્યારે જ્ઞાતિવાદ અને જૂથવાદને વધુ વેગ મળે છે તેમ આ ક્ષત્રિય સંમેલન પણ યોજાવાનો છે.

પરંતુ ખરા અર્થમાં છ કરોડ પ્રજાની જાગૃત કરવા માટે કોંગ્રેસને કંઈક ખાસ કરવાની જરૂર છે. પ્રજાનામાં ખાસ વિશ્વાસ પ્રસ્થાપિત કરવાની જરૂર પણ છે કારણ કે છેલ્લા દશ વર્ષમા કેન્દ્રના શાસનમાં 'દસ હજાર કરોડથી પણ મોટા એવા કૌભાંડો પણ થયેલા છે. જેથી કોંગ્રેસની પ્રતિભાને ખંડીત અને કલંકિત કરેલ છે. ત્યારે માત્ર મોદીના ભ્રષ્ટાચારોની બૂમરેણ અસ્થાને ગણાશે.

તાજેતરની માણસાની પેટા ચૂંટણીમાં શંકરસિંહની રણનીતિના કારણે તેમજ સમાજ અને ક્ષત્રિય સમાજને સાથે રાખીને ચૌધરી મતમાં ફાળો પડાવીને પંદર વર્ષના ભાજપના વિજયને રોક લગાવી દીધી હતી. તે જ પ્રમાણે સામાન્ય ચૂંટણીમાં મોવડી મંડળે મુકેલા વિશ્વાસને કેન્દ્રમાં રાખીને શંકરસિંહને સ્વતંત્રતા આપવામાં આવે તો કોંગ્રેસને સફલતાની સૂઝ જોવા મળશે, પરંતુ જો જૂથવાદ અને પૃષ્ટીકરણ ચાલુ રહેશે તો કોંગ્રેસ માટે પીછે હઠ કરવા સમાન સંજોગો ઉપસ્થિત થશે.

જો કે શંકરસિંહ વાઘેલાને તો કોંગ્રેસના જૂથવાદનો પરચો ગત ચૂંટણીમાં પણ મળી જ ગયો છે. કેવો સંજોગોમાં તેઓ જીતેલી બાજી હારી ગયા તેઓ પોતે પણ સારી રીતે જાણે છે. આવનારા દિવસોમાં કરેલી મહેનત એળે ન જાય અને પોતાનું અસ્તિત્વ પ્રસ્થાપિત રહે તે દિશામાં ખૂટતો પ્રયાસ કરવો જ રહ્યો. અન્ય કોંગ્રેસીઓની ટાંટીયા ખેંચનો પરચો બાપુને કહેવા ન પડે તો માટે જાગૃત રહેવું પડશે.